# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **ગુજરાત વિધાનસભાના અંદાજપત્રસત્રનો આજથી પ્રારંભ થશે**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવનારા દિવસોમાં જનતાનો વિશ્વાસ વધુ મજબૂત થાય તે દિશામાં કામ કરવા આશ્વાસન આપ્યું.**
3. **રાજ્યમાં આજે સૉઈલ હેલ્થ કાર્ડ દિવસની ઉજવણી કરાશે.**
4. **રાજ્યમાં આગામી 5 દિવસ મહત્તમ તાપમાન યથાવત્ રહેવાની આગાહી**
5. **વડોદરામાં રમાયેલી મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગની પાંચમી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ગુજરાત જાયન્ટ્સનો પરાજય.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT VIDHANSABHA SATRA

ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્રનો આજથી પ્રારંભ થશે. આજે પહેલા દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી સત્રની શરૂઆત થશે. જ્યારે આવતીકાલે નાણામંત્રી કનુ દેસાઈ વર્ષ 2025-26 માટેનું અંદાજપત્ર ગૃહમાં રજૂ કરશે. આ સત્ર દરમિયાન સરકારી ખરડા, સરકારી કામકાજના પ્રશ્નોની ચર્ચા અંગે બેઠકમાં ચર્ચા કરાશે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, આ સત્રને ધ્યાનમાં રાખી 6 નાયબ પોલીસ અધીક્ષક, 10 પોલીસ ઇન્સ્પેક્ટર, 35 પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિત 660થી વધુ જવાન ફરજ પર તહેનાત રહેશે. જ્યારે વિશેષ અનામત પોલીસ- SRP જવાનની પણ મદદ લેવાશે.

# CM STHANIK SWARAJYA

ભાજપના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, “સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે ભવ્ય જીત મેળવતા આવનારા દિવસોમાં પ્રજાના દરેક પ્રશ્નોનું નિવારણ લાવી જનતાનો વિશ્વાસ વધુ મજબૂત થાય તે દિશામાં કાર્ય કરીશું.” રાજ્યમાં ગઇકાલે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીની મત ગણતરી બાદ ગાંધીનગરમાં ભાજપના કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું, “સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ સાથે કાર્યકર્તાઓ એક થઈ સંગઠન અને ચૂંટાયેલી પાંખ તરીકે કામ કરે છે, જેના પરિણામે આ  જીત થઈ છે.”

## (બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

દરમિયાન કેન્દ્રીય મંત્રી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે જણાવ્યું કે, ગયા વખત કરતા આ વખતે ભાજપની 14 બેઠક વધી છે. આ જીત સાથે ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનોની જવાબદારી વધી હોવાનું પણ શ્રી પાટીલે ઉમેર્યું હતું.

# SOIL HEALTH CARD DAY

રાજ્યમાં આજે 19 ફેબ્રુઆરીએ સૉઈલ હેલ્થ કાર્ડ દિવસની ઉજવણી કરાશે. યોજના અને તેના લાભ અંગે લોકોને જાગૃત કરવા દર વર્ષે આ દિવસની ઉજવણી કરાય છે. રાજ્યના 2 કરોડ 15 લાખ ખેડૂતોને અત્યાર સુધી સૉઈલ હેલ્થ કાર્ડ-S.H.C. મળ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2003-04માં સૉઈલ હેલ્થ કાર્ડ યોજના અમલમાં મુકી હતી. જમીન તંદુરસ્તીની અગત્યતાને ઓળખી આ યોજના અમલમાં મૂકનારું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું.

રાજ્યમાં હાલ 20 સૉઈલ ટેસ્ટિંગ લેબૉરેટરી અને ગ્રામ્ય સ્તરે 27 ખાનગી લેબોરેટરી કાર્યરત્ છે. વર્ષ 2024-25માં S.H.C. યોજના હેઠળ રાજ્ય માટે ભારત સરકારનો ખરીફ ઋતુ માટેનો લક્ષ્યાંક 3 લાખ 81 હજાર નમૂનાનું પરીક્ષણ કરવાનો છે. રાજ્ય સરકાર દ્વારા આ ખરીફ મોસમ સુધીમાં 3 લાખ 82 હજાર 215 નમૂના એકત્રિત કરાયા છે, જે પૈકી 3 લાખ 70 હજાર જેટલા નમૂનાનું પૃથક્કરણ પૂર્ણ થઈ ગયું છે.

# West Kutch - Helpline

પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા 24*7 કલાક માટેની હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે લોકો પોતાના પ્રશ્નો હેલ્પલાઈન નંબર 028 322 -60-100 અને મોબાઈલ નંબર 63596 29104 પર જણાવી શકશે. આ અંગે પશ્ચિમ કચ્છના પોલીસવડા વિકાસ સુંડાએ માહિતી આપી

## Byte જિલ્લા પોલીસ અધિક્ષક

આ ઉપરાંત દર સોમવાર અને મંગળવારે જિલ્લા પોલીસ અધિક્ષક રૂબરૂ રજૂઆતો સાંભળશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# ARVALLI POTATO

અરવલ્લીના ધનસુરા, મોડાસા બાયડ તાલુકામાં આ વખતે બટાકાનું મોટા પ્રમાણમાં વાવેતર કરાયું હતું. હાલમાં ખેડૂતો બટાકા કાઢીને તેનાં પેકિંગ સહિતની કામગીરીમાં જોડાયા છે. જિલ્લામાં આ વર્ષે સારો વરસાદ અને સિંચાઈની સુવિધાને કારણે ખેડૂતોને બટાકાનું સારું ઉત્પાદન થવાની અપેક્ષા છે.

જિલ્લાના ખેડૂત વિવેક પટેલે તેમની પ્રતિક્રિયા આપીઃ

(બાઇટ – અરવલ્લી ખેડૂત વિવેક પટેલ)

# Modasa ampc wheat

અરવલ્લી જિલ્લાના મોડાસા ખેતી વાડી ઉત્પન્ન બજાર સમિતિ APMCમાં નવા ઘઉંની આવક શરૂ થઈ છે. યાર્ડના અધિકારીઓ અને કર્મચારીઓએ પ્રથમ ટ્રેક્ટર આવતા ખેડૂતનું કુમકુમ તિલક કરી સ્વાગત કર્યું હતું. મોડાસા એપીએમસીના સેક્રેટરી મયૂર પટેલે આ અંગે માહિતી આપીઃ

## AMPC (બાઈટ, મોડાસા મયુર પટેલ)

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાન યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. વિભાગે જણાવ્યું કે, રાજ્યમાં મહત્તમ તાપમાનનો પારો

35 ડિગ્રી સુધી પહોંચ્યો છે. જ્યારે સૌથી ઓછું 17 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન દીવ, અને જુનાગઢના કેશોદમાં નોંધાયું છે.

ગત 24 કલાકમાં અમદાવાદ, ભાવનગર, કચ્છના ભુજ અને ગીરસોમનાથના વેરાવળનું લઘુત્તમ તાપમાન 21 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. જ્યારે પોરબંદર, ભાવનગરના મહુવા અને ગાંધીનગરમાં 19 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

# WPL VADODARA

વડોદરામાં મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- WPLની ગઈકાલે રમાયેલી પાંચમી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ગુજરાત જાયન્ટ્સનો પરાજય થયો છે. મુંબઈ ઇન્ડિયન્સે પહેલા બોલિંગ કરતાં ગુજરાત જાયન્ટ્સની ટીમે 20 ઑવરમાં 120 રન બનાવ્યા હતા. જ્યારે મુંબઈ ઇન્ડિયન્સે 16 ઑવર એક બૉલમાં 5 વિકેટે 122 રન બનાવીને મેચ જીતી લીધી હતી.

ટીમનાં નેટ સાયવર-બ્રન્ટે સૌથી વધારે 57 રન બનાવ્યાં હતાં. જ્યારે સુકાની હરમનપ્રીત કૌર માત્ર ચાર રન બનાવીને આઉટ થઈ ગયાં હતાં. ટીમ તરફથી હેયલે મેથ્યુઝે 3, અમેલિયા કેર અને નેટ સાયવર બ્રન્ટે 2–2 અને શુબનિમ ઈસ્માઈલ તેમજ અમનજોત કૌરે એક-એક વિકેટ ઝડપી હતી. દરમિયાન હેયલે મેથ્યુઝને પ્લેયર ઑફ ધી મેચ જાહેર કરાયાં હતાં.

હવે આજે સાંજે સાડા 7 વાગ્યે યુપી વૉરિયર્ઝ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે વડોદરાના કોટમ્બી સ્ટેડિયમમાં મેચ રમાશે.

# Mahotsav - Patan

પાટણમાં વિશ્વવિરાસત રાણીની વાવ ઉત્સવનો આવતીકાલથી પ્રારંભ થશે. સુપ્રિસિદ્ધ લોકગાયક ઓસમાન મિર અને અપેક્ષા પંડ્યાનું કલાકાર વૃદ સાંસ્કૃતિક પ્રસ્તુતી કરશે.

રમતગમત યુવા સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર અને પાટણ જિલ્લા વહીવટી તંત્રનાં ઉપક્રમે આ મહોત્સવનું આયોજન કરાયું છે.

# Rajkot -station

રાજકોટ ડિવિઝનમાં રાજકોટ-હાપા સેક્શનમાં સ્થિત પડધરી-ચણોલ-હડમતિયા ખાતે ડબલ ટ્રેકના કામ કારણે, આવતીકાલ થી 4 માર્ચ, સુધી રેલ ટ્રાફિક પ્રભાવિત થશે. વધુ માહિતી માટે રેલવેની વેબસાઇટ પર ચેક કરવું.

મુખ્ય રદ કરાયેલી ટ્રેનોમાં રાજકોટ-ઓખા લોકલ -ઓખા-રાજકોટ લોકલ - હાપા-નાહરલગુન સ્પેશિયલ- નાહરલગુન-હાપા સ્પેશિયલ,

જ્યારે આવતીકાલથી 3 માર્ચ સુધી આંશિક રીતે રદ થયેલી ટ્રેનમાં ભાવનગર-ઓખા એક્સપ્રેસ- ઓખા-ભાવનગર એક્સપ્રેસ સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી દોડશે અને વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ વડોદરાથી રાજકોટ સુધી દોડશે.

# Job fair

કેન્દ્રશાસિત દાદરા નગર હવેલી અને દમણ-દીવની સિલવાસા નગરપાલિકામાં ગઇકાલે રોજગાર મેળો યોજાયો . આ મેળામાં લગભગ 231 ઉમેદવારોએ ભાગ લીધો હતો. આમાંથી, 132 ઉમેદવારોને વિવિધ પ્રતિષ્ઠિત કંપનીઓ અને બિલ્ડરો દ્વારા વિવિધ જગ્યાઓ માટે પસંદ કરાયા હતા.

# Banaskantha-court

બનાસકાંઠામાં જિલ્લા તથા તાલુકા અદાલતમાં પડતર દાવાઓના ઝડપી નિકાલ માટે દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા વકીલોની પેનલ તૈયાર કરાશે. જેમાં સાત વર્ષથી ઓછી નહી તેટલી મુદત માટે જિલ્લા કક્ષાએ/વડી અદાલત ખાતે વકીલાત કરતા 60 વર્ષથી ઓછી વય ધરાવતા સિનિયર પ્રતિષ્ઠિત વકીલોની પેનલ બનાવાશે.

લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજી ફોર્મમાં અરજીઓ મગાવવામાં આવી છે. આ જગ્યાઓ માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ નિયત નમુનાના અરજી ફોર્મમાં જરૂરી પ્રમાણત્રોની પ્રમાણિત નકલો સહીત 25 ફેબ્રુઆરી સુધીમાં વહીવટદારશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીને મોકલી આપવાની રહેશે.